**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૪૫ ટકા

# લીલા નારીયેળનો અધધ ૧૨૦ રૂ. નંગનો ભાવ

**કોરોનામાં દર્દીઓ વધતા ફ્રૂટના ભાવમાં ઉછાળો : લીલા નારીયેલ અને વીટામીન-સી વાળા ફળોના ભાવો આસમાને પહોંચ્યા : વેપારીઓની ઉઘાડી લૂંટ**

ગાંધીનગર, તા. ૪

કોરોનાના દર્દીઓ છેલ્લા કેટલાક દિવસોમાં ખૂબ વધ્યાં છે. ઘરે ઘરે કોરોનાના દર્દીઓ જોવા મળી રહ્યાં છે. ખૂબ મોટી સંખ્યામાં હોમ આઈસોલેશનમાં રહીને દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. કોરોનાના દર્દીઓ માટે ઉપયોગી હોય તેવા લીલા નારીયેળનો ભાવ પ્રતિ નંગ અધધ ૧૦૦ થી ૧૨૦ રૂ. સુધી પહોંચી ગયો છે. જ્યારે ખાટા ફળો પણ ખૂબ જ ઉંચા ભાવે વેચાઈ રહ્યાં છે.

કોરોનાએ તેનો વિકરાળ પંજો ચારેકોર ફેલાવ્યો છે. રાજ્યના મહાનગરોમાં તો હાહાકાર મચ્યો છે. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ ઉપરાંત રાજ્યના પાટનગર ગાંધીનગરમાં કોરોનાના કેસો ખૂબ વધ્યા છે. દવાખાનાઓની બહાર લાગેલી દર્દીઓની ભીડ જોઈને અંદાજ આવી જાય છે કે કોરોનાનું સંક્રમણ કઈ હદે ફેલાયુ છે.

ઘરે ઘરે કોરોનાના દર્દીઓ જોવા મળી રહ્યાં છે. હોમ આઈસોલેશનમાં રહીને સારવાર મેળવી રહેલા દર્દીઓની સંખ્યા ખૂબ વધુ છે. કોરોનાના દર્દીઓને હાઈ ગ્રેડ ફીવર રહેતો હોઈ આવા દર્દીઓને પ્રવાહી ખૂબ જ પીવડાવવાની સલાહ તબીબો



આપે છે. નારીયેળ પાણી આવા દર્દીઓ માટે ખુબ જ અગત્યનું ગણાતુ હોઈ બજારમાં નારીયેળની માંગ ખૂબ વધુ છે. માંગ વધુ રહેતા વેપારીઓ તેનો બેફામ ભાવ વસુલી રહ્યાં છે. ૩૦-૪૦ રૂપિયામાં અગાઉ મળતા નારીયેળનો ભાવ અધધ રૂ. ૧૨૦ પ્રતિ નંગ સુધી પહોંચી ગયો છે. જરૂરીયાતમંદ દર્દીઓને ના છૂટકે ઉંચા ભાવ આપીને નારીયેળ ખરીદવા પડી રહ્યાં છે. તેવી જ રીતે ફળોના ભાવોમાં પણ બેફામ વધારો થયેલો જોવા મળી રહ્યો છે. વીટામીન-સી વાળા ફળોના ભાવો પણ આસમાને પહોંચ્યા છે. ફળોના ભાવો સાંભળીને હાયકારો નીકળી જાય છે. મોસંબી-નારંગીનો ભાવ ૧૫૦ રૂ. કીલો સુધી પહોંચી ગયો છે તો પાઈનેપલ ૧૦૦ રૂ. પ્રતિનંગ વેચાઈ રહ્યું છે. આ ઉપરાંત લીંબુના ભાવ પણ ૧૫૦ રૂ. સુધી પહોંચી ગયા છે.


# કાતિલ કોરોનાને ૯૭ વર્ષની જૈફ વયે હરાવતા કનૈયાલાલ..!

**સે. ૪ ના કનૈયાલાલ પંચોલીએ પરિવાર સાથે સંક્રમિત થયાં બાદ કોરોનામાં એક પુત્રને ગુમાવ્યો છતાં અડગ મનોબળના સહારે હોમ આઈસોલેશનમાં જ કોરોનાને હરાવ્યો : કનૈયાલાલનો કિસ્સો હિંમત હારી જતા અનેક દર્દીઓ માટે પ્રેરણારૂપ**

ગાંધીનગર, તા. ૪

કોરોના મહામારીની બીજી લહેરમાં દરરોજ અવનવા કિસ્સા જોવા મળી રહ્યાં છે, ક્યાંક કોઈક યુવાન વયના દર્દી લગભગ તદ્દન સાજા થઈ ગયાં હોય તેવી સ્થિતિમાં આવીને અચાનક મનોબળ ગુમાવી મોતને ભેટી રહ્યાં છે તો ક્યાંક કોઈ વયોવૃદ્ધ વડીલ પોતાના વ્હાલસોયાને ખોઈને પણ મક્કમ લડત આપી કોરોના જેવા રાક્ષસી વાયરસને પણ હંફાવી દે છે. ગાંધીનગરના સેક્ટર-૪ ના એક ૯૭ વર્ષીય વયોવૃદ્ધ વડીલ કનૈયાલાલ પંચોલીએ પોતે કોરોના પોઝિટવ થયાં બાદ હોમ આઈસોલેશનમાં જ રહીને કોરોનાને હરાવ્યો છે અને આ દરમ્યાન તેમણે પોતાના એક પુત્રને કોરોનાને કારણે ગુમાવવા છતાં અડગ આત્મવિશ્વાસ દાખવી અનેક દર્દીઓ માટે પ્રેરણારૂપ ઉદાહરણ પ્રસ્તુત કર્યુ છે.

ગાંધીનગરના સેક્ટર-૪ માં રહેતા જયેશભાઈ પંચોલી તેમના ધર્મપત્નિ, પુત્ર અને ૯૭ વર્ષીય પિતા કનૈયાલાલ રતિલાલ પંચોલી સહિત સમગ્ર પરિવારનો તા. ૮ મી એપ્રિલે કોરોના પોઝિટીવ હોવાનો રિપોર્ટ આવ્યો ત્યારે તમામ પરિવારજનોને વયોવૃદ્ધ કનૈયાલાલની સૌથી વધુ ચિંતા થવા પામી હતી કેમકે એક તરફ તેમની જૈફવય અને બીજી તરફ તેમને વર્ષો જુની વા ની બિમારી હોવાથી તેઓ આ મહામારીનો મુકાબલો કેવી રીતે કરી શકશે તે દ્વિધા હતી. ઉંમરના કારણે કાને ઓછુ સાંભળતા કનૈયાલાલને અશક્તિ તેમજ દવાઓની અસરને કારણે ઘેન રહેતું



હોવાથી મોટાભાગનો સમય નિંદ્રામાં જ પસાર કરી રહ્યાં હતા. આ દરમ્યાન અગાઉથી સંક્રમિત તેમના અન્ય એક પુત્ર રાજેન્દ્રભાઈ પંચોલી જેઓ પણ સે. ૪ માં નજીકમાં જ રહેતા હતા તે તા. ૧૩ મી એપ્રિલે કોરોના સામેનો જંગ હારી જતાં તેમનું દુઃખદ નિધન થવા પામ્યું હતું. આ સમાચાર તેમના પિતા કનૈયાલાલને કેવી રીતે આપવા અને તે સમાચાર જાણી તેમના પર શું વિતશે તે દ્વિધામાં મુકાયેલા પરિવારે સ્વ. રાજેન્દ્રભાઈના બેસણાંના દિવસે કનૈયાલાલની તબિયત થોડી સુધારા પર જણાતાં ચિઠ્ઠીમાં લખીને પુત્રના નિધનના સમચાર આપ્યા હતા. પુત્રના સમાચારથી વ્યથિત થયેલા પિતાએ માત્ર આંખોમાં ઝળઝળિયાં સિવાય કોઈ પ્રત્યુત્તર નહોતો આપ્યો તેથી પરિવારને ફાળ પડી ગઈ હતી કે આ આઘાત તેમના માટે જીવલેણ ના બને તો સારૂ.. જો કે કનૈયાલાલ કંઈક જુદી માટીના જ બનેલા છે અને પુત્રના અવસાનના સમાચાર મેળવીને પણ તેમણે પોતાનું મનોબળ ગુમાવ્યુ નહોતુ અને સ્વર્ગસ્થ દિકરાની ઉત્તરક્રિયા બારમા-તેરમાં સુધીમાં તો તેમણે સારી એવી સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી હતી. જોકે એક પિતાના હૃદય પર પોતાના પહેલા પુત્રનું અવસાન થાય તે ઘા ખૂબ આકરો હોય છે અને તેના કારણે વ્યથિત કનૈયાલાલ શરીરથી ઢીલા જરૂર થયાં હતા પરંતુ કાતિલ કોરોના સામે જાણે કરગરવુ નથી તેવુ તેમણે મનોબળ નક્કી કરી લીધુ હતુ અને ગણતરીના દિવસોમાં તેઓ તદ્દન સ્વસ્થ થઈ ગયાં હતા. ઉંમરની સદી પુરી કરવા પહોંચેલા કનૈયાલાલની કોરોના સામેની લડત અનેક દર્દીઓ માટે પ્રેરણારૂપ બની રહી છે.

## જન્મદિને વધામણી



ગીરાબેન વસાવડા
મો. ૯૮૨૪૬ ૨૨૧૩૧



બ્રિંદા મેહુલભાઈ પટેલ
મો. ૯૬૨૪૮ ૧૨૧૧૧



જયસુખ પી રાજપુત



વંશ આતડીયા

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




આપણાં માટે સરકારે બેઈ વિકલ્પ ખુલ્લા રાખ્યા છે... લોકડાઉન ન કરે તો ઓક્સિજનનાં અભાવે મરવાનું અને લોકડાઉન થાય તો ભૂખે મરવાનું...!!

# અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી ખાતેથી ઓનલાઇન વુમન એન્ટરપ્રુનરશીપ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર તા.૦૪

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બી.આર. આઈ ગાંધીનગર દ્વારા આણંદ ખાતેના ગ્રામીણ વિકાસ સંકુલ, સાથે સંલગન રીતે ૨૫ દિવસીય વુમન એન્ટરપ્રુનરશીપ ડેવલોપમેન્ટ પ્રોગ્રામનું તા.૩૦મી માર્ચથી તા. ૨૮ એપ્રિલ દરમ્યાન ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માઈન્ડસેટ ઓફ વુમન એન્ટરપ્રિનોર એન્ડ આઈડિયા જનરેશન, ફાર્મા માર્કેટિંગ એન્ડ સોસિયલમીડિયા, એન્ટરપ્રિનોર મુસાફરી તથા સફળતાની ચાવીઓ, ફિઝિબિલિટી ઓફ પ્રોજેક્ટ માર્કેટ એનાલિસિસ, સ્ટાર્ટઅપ ફંડિંગ, ઈક્યુબેશન અને ગવર્મેન્ટ ફંડિંગ, ફાયનાન્સિયલ આસ્પેક્ટ ઓફ બિઝનેસ વગેરે પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી તથા તેમના રોજીંદા જીવનમાં વ્યવહાર ઉપયોગમાં કેવી રીતે મૂકી શકાય તેની જાણકારી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ઉદ્યોગ અને સાહસિક વ્યવસાય સાથે સંકળાયેલ મહાનુભાવો જેવા કે શી એન્ડ વી વુમન એન્ટરપ્રુનરશીપના સ્થાપક ડો.કૃતિ પટેલ સિનિયર માર્કેટિંગ કન્સલ્ટન્ટ વિજય દેસાઈ, એન્ટરપ્રુનરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના સિનિયર ફેકલ્ટી પ્રકાશ સોલંકી, સંસ્થાના આચાર્ય રાગિન



શાહ અને ફાયનાન્સિયલ કન્સલ્ટન્ટ જયંત આઠવલે ઉપરાંત પેટન્ટ એક્સપર્ટ સંજયકુમાર પટેલ, સાંભવી તન્વર, ફ્રાંસિસ લોબો, તથા રોહિત પટેલે પોતાના વિષયને લગતા મુદ્દાઓ અને સાથે સંકળાયેલ જોખમો, તેને પાર પાડવા માટેની કુશળતા અને સફળતા અંગેની બારીક છણાવટ કરી હતી. આ કાર્યક્રમમાં વિધાર્થીઓએ અલગ અલગ કાર્યો કે જે ઉદ્યોગ અને સાહસિકતા સાથે નવીનતમ વિચારો કે જે આગળ વધીને એક સફળ ઉત્પાદનમાં પરીક્ષણ કરી શકે, કોઈ પણ એક વિચાર ઉપર વ્યાખ્યાન, વિઝિટિંગ કાર્ડ બનાવવું, માર્કેટિંગ વ્યૂરચના વગેરે આપવામાં આવ્યા હતા. જેમાંથી મુખ્યત્વે ૭ પ્રોજેક્ટ અંતિમ વ્યાખ્યાન માટે રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની સમાપન વિધિમાં અનેક મહાનુભાવો જેવા કે ગુજરાત યુનિવર્સીટીના એસોસિયેટ વાઈસ પ્રેસિડેન્ટ મલય શુક્લા, ગ્રામીણ વિકાસ સંકુલના પ્રોગ્રામ ડાઈરેક્ટર પ્રણય શુક્લા, કાર્યક્રમ ડાયરેક્ટર ચંદ્રમૌલી પાઠક, ડો.દિવ્યકાંત પટેલ અને પ્રોગ્રામ કોર્ડીનેટર આરતી મોહન ઉપસ્થિત રહ્યા હતા.

# નશામાં રહેલા યુવકોને પોલીસે કાયદાનુ ભાન કરાવ્યુ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના ખ-રોડ પર પ્રમુખનગર કટપાસે નાઈટ કર્ફ્યૂ દરમિયાન ત્રણ યુવકોએ દારૂના નશામાં છાકટા બનીને પોલીસ જવાન પર હુમલો કર્યો હતો. દારૂના નશામાં ધુત ત્રણેયને પોલીસે કાયદાનું ભાન કરાવ્યું હતું. પોલીસે તમામ સામે ગુનો નોંધી વધુ ત્રાસ હાથ ધરી છે

સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં લોકરક્ષક તરીકે ફરજ બજાવતા ઝેરવભાઈ મહાદેવભાઈએ આ અંગે ફરિયાદ નોંધાવી છે. જે મુજબ સોમવારે રાત્રે તેઓ સરગાસણ પ્રમુખનગર કટ પાસે પોઈન્ટ પર ફરજમાં હતા. રાત્રે સાડા આઠ વાગ્યે એક એક્ટિવા પર ત્રણ યુવકો આવ્યા હતા. જેઓને રોકીને પૂછપરછ કરતાં તેઓ દારૂ પીધેલી હાલતમાં હતા. દારૂના નશામાં ત્રણેય લોકોએ ઝવેરભાઈની કોલર પકડીને ઝપાઝપી કરી હતી. જેને પગલે તેઓએ તાત્કાલિક પીસીઆર બોલાવતા વધુ ઉશ્કેરાયેલા યુવકોએ તેમને ગડદાપાટુનો માર માર્યો હતો અને તેમનો ફોન ઝુંટવીને રોડ પર પછાડીને તોડી નાખ્યો હતો. પીસીઆર વાન આવી જતાં ત્રણેય શખ્સો ગાડીમાં બેસવા તૈયાર ન હતા. જેને પગલે પોલીસે બળપ્રયોગ કરીને ગાડીમાં બેસાડી દીધા હતા. જેઓને પોલીસ સ્ટેશન લાવીને નામ પૂછતાં તેઓ રૂપાલ ગામના અક્ષય ભરતભાઈ પટેલ (મહાદેવવાળો વાસ), દિવ્યાંગસિંહ વિનોદસિંહ ચાવડા (માતાવાળો વાસ), કેતુલ દિલીપભાઈ પટેલ (હાલ રહે- એ-૧૦૧, પ્રમુખનગર, સરગાસણ) હવાનું સામે આવ્યું હતું. જેઓ પાસેથી પોલીસે ૨૭ હજારના ત્રણ ફોન જપ્ત કરીને ગડદાપાટુનો મારમારીને ફરજમાં રૂકાવટ, ફોન તોડી નાખવા બદલ ૧૦ હજારનું નુકસાન તથા પ્રોહી એક્ટ મુજબ ગુનો નોંધ્યો હતો. અક્ષય પટેલ દારૂના નશામાં એક્ટિવા ચલાવતો હોવાથી પોલીસે ૩૦ હજારનું GJ-18-DD-1197 નંબરનું એક્ટિવા કબ્જે લઈને તેની સામે મોટરવ્હીકલ એક્ટ હેઠળ અલગથી ગુનો નોંધ્યો હતો.

# પડતર માંગણીઓનો ઉકેલ નહી આવે તો એન.એચ.એમ. કર્મચારીઓ સામુહિક રાજીનામા આપશે

ગાંધીનગર, તા. ૪

નેશનલ હેલ્થ મિશનના કર્મચારીઓની પડતર માંગણીઓનો ઉકેલ ન આવતા કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. છેલ્લા એક વર્ષથી નેશનલ હેલ્થ મિશનના કર્મચારીઓ કોવિડ ડ્યુટી નિષ્ઠાપૂર્વક બજાવી રહ્યા છે તેમ છતા પગાર વધારો કરાયો નથી. ત્યારે હાલમાં કોવિડ ડ્યુટી માટે ભરતી કરેલા દરેક કેડરના નવા અને બિન અનુભવી સ્ટાફને ખુબજ વધુ પગાર અપાય છે. જેને પગલે એન.એચ.એમ. દ્વારા તા. ૧૨-૫-૨૧ ના રોજ રાજ્યમાં ગાંધી ચિંધ્યા માર્ગે આશ્ચર્યજનક કાર્યક્રમો આપશે. આ વિરોધ પ્રદર્શન બાદ પણ સરકાર દ્વારા હકારાત્મક પરિણામ નહી મળે તો તમામ નેશનલ હેલ્થ મિશનના કર્મચારીઓ સામુહિક રાજીનામા આપશે તેવી ચિમકી નેશનલ હેલ્થ મિશન કરાર આધારીત કર્મચારી મંડળ ગુજરાત દ્વારા આપવામાં આવી છે.

# રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા ચિલોડા ગામે ૨૦૦૦ એન-૯૫ માસ્કનું વિતરણ કરાયું

ચિલોડા, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં અત્યારે કોરોનાના કેસો ખૂબ મોટી સંખ્યામાં વધી રહ્યા છે ત્યારે રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા જુદા જુદા ગામોમાં અનેક વિસ્તારોમાં મોટા પાયે માસ્ક વિતરણનું આયોજન કરાયુ છે. જેના ભાગરૂપે આજરોજ રોટરી ક્લબ ઓફ ગાંધીનગર તથા સાબરમતી ગેસ લિમિટેડ દ્વારા ચિલોડાના ગ્રામજનોને



વિતરણ કરવામાં આવ્યા હતા. રોટરી ક્લબ ઓફ ગાંધીનગર તરફથી રોટે. ડૉ. જગદીશ પટેલ હાજર રહ્યા હતા. આ સાથે ચિલોડા ગામના સરપંચ દિનેશભાઈ પટેલ, પંચાયત સદસ્ય નટુભાઈ પટેલ, દૂધ મંડળીના ચેરમેન મહેશભાઈ પટેલ, તલાટી કમ મંત્રી રાજુભાઈ ચૌધરી વગેરે પણ ઉપસ્થિત રહી તમામ જરૂર સહયોગ પુરો પાડ્યો હતો.

# સોમનાથ બ્રહ્મકર્મ ટ્રસ્ટે જરૂરિયાતમંદ ભુદેવોને અનાજની કીટનુ વિતરણ કર્યુ

**ટ્રસ્ટના સભ્યોએ અગાઉ લોકડાઉન વેળાએ પણ ઉમદા સેવા કાર્ય હાથ ધર્યુ હતું**

ગાંધીનગર તા ૪

કોરોનાના કપરા કાળમાં સામાન્ય માણસો માટે જીવન જીવવાનુ દોજખ બન્યુ છે. એકબાજુ કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે નાગરિકો મોતનો ભેટી રહ્યા છે. ત્યારે જરૂરિયાતમંદ પરિવારોની હાલત કફોડી બની છે. આ સ્થિતિનો ધ્યાનો લઈ સોમનાથ બ્રહ્મકર્મ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમાજના કર્મકાંડી બ્રાહ્મણો, પુજારીઓ તેમજ અન્ય જરૂરિયાતમંદ પરિવારોને અનાજની કીટ પહોંચાડવાની ઉમદા સેવા શરૂ કરવામાં આવી છે. ટ્રસ્ટ દ્વારા આ માટે રૂ ૧૫૦૦ ની વિશેષ કીટ તૈયાર કરવામાં આવી છે.




ગાંધીનગરની સેવાભાવી સંસ્થા શ્રી સોમનાથ બ્રહ્મકર્મ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કોરોના મહામારીના કપરા કાળમાં શહેર તેમજ જિલ્લાના જરૂરિયાતમંદ કર્મકાંડી પુજારીઓ, કર્મકાંડી બ્રાહ્મણો, ભુદેવ પરિવારો તેમજ વિધ્વા ત્યકતા બહેનોને સંસ્થા દ્વારા અનાજની કીટનુ વિતરણ કરવામાં આવ્યુ છે. સંસ્થા દ્વારા અન્ય જરૂરિયાતમંદ પરિવારોને પણ આ કીટનુ વિતરણ કરવામાં આવી રહ્યુ છે. સંસ્થા દ્વારા આ માટે ખાસ રૂ ૧૫૦૦ ની કીટ તૈયાર કરીને વિતરણ કરવામાં આવી રહ્યુ છે. આ માટે સમાજના સભ્યો તેમજ અન્ય દાતાઓએ પણ વિશેષ યોગદાન પુરુ પાડયુ છે. જયારે આગામી દિવસામાં પણ સંસ્થા દ્વારા કોરોનાના આ કપરા સમયમાં જરૂરિયાતમંદોને સતત સેવા પુરી પાડવામાં આવશે. આ ઉપરાંત સંસ્થાને સહકાર આપવા માટે પણ સમાજના અગ્રણીઓને સંસ્થાના કલ્પેશ મહેતા અને પંકજ પંડયા દ્વારા અપીલ કરવામાં આવી છે. અગાઉ પણ સંસ્થાના સેવાભાવી આગેવાનોએ કોરોનાના કપરા કાળમાં અલબત્ત લોકડાઉનના સમયગાળામાં જરૂરિયાત મંદ ભુદેવોને જરૂરી ચીજવસ્તુઓની સહાય પહોંચતી કરવા માટે ઉમદા સેવા કાર્ય હાથ ધર્યુ હતુ.

# કોરોના દર્દીઓ માટે ગણપત યુનિવર્સિટીની આગવી પહેલ

**૧૦૦ પથારીવાળા કોવિડ-કેર સેન્ટરનો પ્રારંભ : લોકોને તમામ સેવાઓ નિઃશુલ્ક મળશે : યુનિવર્સિટીની આસપાસના હજ્જારો ગ્રામજનો માહિતી અને રજિસ્ટ્રેશન માટે ૦૨૭૬૨-૨૨૬૧૦૮ પર સંપર્ક કરી મેડિકલ ટ્રીટમેન્ટનો નિઃશુલ્ક લાભ લઈ શકશે**

ગણપતવિદ્યાનગર, તા. ૪

આજે દેશ અને દુનિયાની સાથે ગુજરાત પણ કોરોના કાળની અનેકવિધ વિષમતાઓનો સામનો કરી રહ્યું છે. સરકાર, અનેક સેવા સંસ્થાઓ અને લોકો પોત પોતાની તમામ તાકાત સાથે આ મહામારી સામે લડત આપી રહ્યા છે, છતાં સંશાધનો ઓછા પડે છે. ઓકિશજન અને વેન્ટીલેટરની તો વધારે મોટી ખેંચ વર્તાઈ રહી છે.

આવી સ્થિતિમાં ‘સામાજિક જવાબદારી’ સાથે વિદ્યા દ્વારા સમાજઉત્કર્ષના અભિગમ સાથે ૧૦૦ જેટલી પથારીવાળી એક ‘આઈસોલેશન’ વ્યવસ્થા ઉભી કરી તેનો આજથી જ પ્રારંભ કરી દીધો છે.

મહેસાણા જિલ્લા કલેક્ટર તેમજ મહેસાણા જિલ્લા આરોગ્ય તંત્રના સહયોગમાં ઉભુ થયેલું આ ‘ગણપત યુનિવર્સિટી કોવિડ કેર સેન્ટર’ યુનિ.ના ખેરવા કેમ્પસની આસપાસના તમામ ગામોના લોકો માટે આજ ‘ગુજરાત દિન’ના રોજથી જ સેવામાં ઉપલબ્ધ બનાવી દેવામાં આવ્યું છે.

આ ‘ગણપત યુનિવર્સિટી કોવિડ કેર સેન્ટર’માં દર્દીઓને જરૂરિયાત ઉભી થયે તરત જ આઈસોલેશન રૂમ, મેડિકલ સ્ટાફ દ્વારા તરત સારવાર મળી રહે અને તબિયત કથળતી બચી જાય તે હેતુ છે. સેન્ટરમાં હાઉસ કીપિંગની વ્યવસ્થા, બાયોમેડિકલ વેસ્ટના નિકાલની યોગ્ય વ્યવસ્થા, દરેક રૂમમાં ઓક્સિમીટર તેમજ નાસ લેવાના મશીનની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

ગણપત યુનિવર્સિટીએ સરકારશ્રી દ્વારા વિનંતી અને રજુઆત કરી જો આ કોવિડ કેર સેન્ટરને ઓક્સિજનની સુવિધા મળી શકે તો તેમ કરવા ખાસ વિનંતી કરી છે જેથી કોવિડ દર્દીઓની વધારે સારી સેવા થઈ શકે.

આ સેન્ટર ઉપરની તમામ સેવાઓ તમામ દર્દીઓને તદ્દન નિઃશુલ્ક મળે એવી યુનિ.ના દાતા અધિષ્ઠાતા ગણપતભાઈ પટેલની ઈચ્છા અને પ્રેરણા સાથે યુનિ.ના ડાયરેક્ટર જનરલ અને પ્રો. ચાન્સેલર પ્રો. ડૉ. મહેન્દ્ર શર્માની સીધી દેખરેખ હેઠળ આ વ્યવસ્થા કરવામાં આવી છે કે દર્દીઓનો તમામ સેવાઓ નિઃશુલ્ક ઉપલબ્ધ રહેશે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

## ખૂણેખાંચરેથી

- નેશનલ હેલ્થ મિશનના મેને. ડિરેક્ટર પંડ્યાએ આજે વેક્સિનેશન અભિયાનને લઈ વિડીયો કોન્ફરન્સ કરી હતી.
- ગાંધીનગર શહેરમાં આજે ૩ હજાર જેટલા લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવામાં આવ્યા હતા.
- ગાંધીનગરના જાણીતા આર્કિટેક અને કલ્ચરલ ફોરમના અગ્રણી અશોક છનિયારાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં હોસ્પિટલમાં દાખલ કરાયા છે.
- જિલ્લાના ૨૮૬ ગામોમાં આઈસોલેશન સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે જેમાં ૪૫૨૫ જેટલી બેડની વ્યવસ્થા છે.
- ગાંધીનગર જિલ્લામાં ૧૦ મી મે સુધી ગરમીનો પ્રકોપ યથાવત રહેશે. પાંચ દિવસ દરમ્યાન મહત્તમ તાપમાન ૪૧-૪૨ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૮-૨૯ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૩ થી ૧૫ કિ.મી. પ્રતિ કલાક રહેવાની સંભાવના છે.
- ફાયરસેફ્ટીના મુદ્દે આજે શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ મુકેશ પુરીએ પણ ખાસ વિડીયો કોન્ફરન્સ યોજી અને જરૂરી સૂચનાઓ આપી હતી.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૧૧૪ વ્યક્તિઓને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાયા.